Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 5, Issue 1, March 2019

# ગાંધી ચિંતન અને માર્ક્સવાદ

Dr. Ram Mavadiya*
Assistant Professor,
Governent Arts College, Ranavav

૧૯ મી સદીમાં ઉદારવાદના વિકાસથી રાજકીય ક્ષેત્રે ઉપયોગિતાવાદને પશ્ચિમના દેશોમાં ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું. જેમા ખાસ કરીને ઇંગ્લેન્ડમાં ઉપયોગિતાવાદના આધારે કલ્યાણકારી રાજય બનાવવાના પ્રયાસો થાય છે. જેમાં જમીનની જગ્યાએ મૂડીને વધારે મહત્વ આપવામાં આવે છે. તેમજ વેપારીઓ માટે વેપાર વધારવા માટે આવશ્યક પરિસ્થિતિઓને સ્વીકારવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વેપાર વૃધ્ધિને મહત્વ મળતા બૌધ્ધિક જગતમાં પણ પરસ્પરના સંપર્કો વધવા લાગે છે. આમ સામંતશાહીની સમાપ્તી અને ઉદારમતવાદના વધતા પ્રભાવને કારણે ઉભી થતી મુશ્કેલીઓની દાર્શનિક ચર્ચા માર્ક્સ દ્વારા કરવામાં આવી.

માર્ક્સ મૂડીવાદી સમાજવ્યવસ્થાથી ઉભી થતી સમસ્યાઓની ચર્ચા કરીને એક વૈકલ્પિક રાજયવ્યવસ્થાની રજૂઆત કરે છે. માર્ક્સ દ્વન્દ્વાત્મક પધ્ધતિથી સમાજનો અભ્યાસ કરીને સમાજની ઐતિહાસિક ભૌતિકવાદી વ્યાખ્યા બાંધે છે. તેમના મતે, ઉત્પાદન, ઉત્પાદનના સાધનો અને તેની સાથેના માનવીના સંબંધોની વિકસતી વર્ગસંબંધોની વ્યવસ્થા એ આર્થિક સંરચના ક્ષેત્રે મુખ્ય છે. એટલે કે આર્થિક સંરચનાએ સમાજની પ્રાથમિક વાસ્તવિકતા છે અને તેના આધારે સમાજની અન્ય સામાજિક અધિસંરચના જેવી કે કુટુંબ, ધર્મ, લગ્ન, રાજય વગેરે વિકસેલી હોય છે. જેને માર્ક્સ ગૌણ વાસ્તવિકતા તરીકે ગણે છે. માર્ક્સના મતે પ્રાથમિક વાસ્તવિકતા એટલે કે આર્થિક સંરચનામાં સામાજિક પરિવર્તન આવતા સમાજની ગૌણ વાસ્તવિકતા જેવી કે કુટુંબ, ધર્મ, રાજય વગેરેમાં પણ પરિવર્તન આવે છે. આમ સમાજમાં આર્થિક સંરચના મુખ્ય અને સર્વોપરી છે.

Dr. Ram Mavadiya, Assistant Professor, Dept. of Sociology,
Government Arts College, Ranavav, Dist. Porbandar, (Gujarat). INDIA.

માર્ક્સના મતે આર્થિક કે ભૌતિક વ્યવસ્થામાં સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. જેના આધારે તેમણે સમાજનું જુદા જુદા તબક્કામાં વર્ગીકરણ રજૂ કર્યું છે. આદિમ સામ્યવાદ, દાસવ્યવસ્થા, સામંતવાદી વ્યવસ્થા, મૂડીવાદી વ્યવસ્થા અને સામ્યવાદ. માર્ક્સના મતે વિશ્વનો સમાજ મૂડીવાદી તબક્કા સુધી પહોંચી ગયો છે. મૂડીવાદી સમાજમાં મૂડીવાદીઓ અને મજૂરો વચ્ચે આર્થિક અસમાનતા છે. કારણ કે મૂડીપતિવર્ગ સાધનો અને ઉત્પાદનનો માલિક છે. જયારે મજૂરવર્ગ સતત કાર્ય કરે છે તેમ છતા આર્થિક રીતે બેહાલ છે. આથી આ બે વર્ગો વચ્ચે વર્ગસભાનતા વધતા વર્ગસંઘર્ષના બીજ રોપાશે અને મજૂરોના નિયંત્રણ નીચે ક્રાંતિ થશે. ક્રાંતિના અંતે સામ્યવાદનો જન્મ થશે અને મૂડીવાદી વ્યવસ્થામાં જે સમસ્યાઓ ઉત્પન્ન થઇ છે. તે નાશ પામવા લાગશે. આમ માર્ક્સ દાર્શનિક રીતે એક વૈકલ્પિક સમાજવ્યવસ્થાની રજૂઆત કરે છે.

ઇ.સ. ૧૯૧૭થી લેનિનના નેતૃત્વમાં માર્ક્સની વિચારધારાના આધારે રશિયામાં સમાજવ્યવસ્થાને ગોઠવવાનો પ્રયાસ થાય છે. કેટલાક સુધારાવધારાને આધારે રશિયામાં માર્ક્સવાદી સમાજવ્યવસ્થા ૭૦ વર્ષ જેટલા સમયગાળા સુધી અસ્તિત્વ ધરાવે છે. તેમજ ત્યાર પછી અન્ય દેશોમાં પણ સામ્યવાદી વિચારધારાનો ફેલાવો થાય છે. જેમા ચીન એક મુખ્ય દેશ રહે છે. જેમાં ઉદારવાદના વિકલ્પ તરીકે માર્ક્સવાદની દાર્શનિક વિચારધારાને વધારે મહત્વ મળે છે.

વિશ્ર્વમાં વિકાસની દિશામાં ત્રીજો વિકલ્પ ગાંધી દ્વારા રજૂ કરવામાં આવે છે. ગાંધી પણ માર્ક્સની જેમ સમાજનો ઐતિહાસિક અભ્યાસ કરી એક આદર્શ સમાજની કલ્પના રજૂ કરે છે. દુર્ભાગ્યવશ ગાંધીના ચિંતન પર આધારિત કોઇ ક્રાંતિ રશિયાની જેમ થઇ નહી. પરંતુ ભારતમાં ગાંધીના નેતૃત્વમાં બ્રિટિશ શાસનથી ભારતને મૂક્ત કરવા માટે ક્રાંતિ થાય છે. પરંતુ સ્વતંત્ર ભારતમાં ગાંધી ચિંતન મુજબ કોઇ સમાજવ્યવસ્થાની ગોઠવણી થતી નથી. કારણ કે ભારતમાં સ્વતંત્રતા પછી મિશ્ર અર્થતંત્રને આધારે વિકાસ માટેના પ્રયાસો થાય છે. આમ વિશ્વ સ્તરે સામ્યવાદ ઘણી બાબતોમાં અસફળ રહે છે. તો ગાંધીવાદી વિચારધારાનો અમલ જ થતો નથી. વર્તમાન સમયે વિશ્વ એક દિશામાં પ્રગતિ કરી રહયું છે અને એ છે નવ ઉદારવાદી સમાજવ્યવસ્થા. પરંતુ ગાંધીવાદ અને માર્ક્સવાદ આ નવ ઉદારવાદી સમાજવ્યવસ્થા સામે એક વૈકલ્પિક સમાજવ્યવસ્થા રજૂ કરી રહયા છે.

વર્તમાન સમયે ગાંધી ચિંતન અને માર્ક્સના વિચારોની તુલના કરવી ખૂબ જ જરૂરી છે. કારણ કે ઉદારવાદી સમાજવ્યવસ્થાના પ્રશ્નો સામે બંને એક વૈકલ્પિક સમાજવ્યવસ્થા રજૂ કરે છે. આથી કેટલાક વિદ્વાનોએ માર્ક્સવાદી દૃષ્ટિકોણથી ગાંધી ચિંતનની વ્યાખ્યા કરી છે. જેમા નંબૂરદીપાદ, હિરેન મુખર્જી અને ફિલિપ સ્પ્રેટ મુખ્ય છે. તો કેટલાંક સમાજવાદી વિચારકોએ માર્ક્સ અને ગાંધીના તુલનાત્મક અભ્યાસો કર્યા છે. જેમા રામનોહર લોહિયા અને મધુ દંડવતે મુખ્ય છે તેમજ શૈક્ષણિક દૃષ્ટીકોણથી પણ ગાંધી અને માર્ક્સની તુલના કરવામાં આવેલ છે.

- **ગાંધી ચિંતન અને માર્ક્સવાદી વિચારધારામાં સામ્યતાઃ-**

ગાંધી અને માર્ક્સ દ્વારા ઉદારવાદી સમાજવ્યવસ્થાના પ્રશ્નો સામે એક વૈકલ્પિક સમાજવ્યવસ્થાની રજૂઆત થઇ. જો કે બંનેની વિચારધારા અલગ છે. આમ છતા તેમની વચ્ચે  કેટલીક સામ્યતા જોવા મળે છે.

ગાંધી અને માર્ક્સ બંનેના ચિંતનમાં રાજયને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું નથી. માર્ક્સના મતે રાજયએ ગૌણ વાસ્તવિકતા છે અને તે આર્થિક સંરચનાને મદદ કરવા માટે સર્જાયેલ હોય છે. એટલે કે રાજય એ શાસિત વર્ગના હિતોનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે. જયારે ગાંધીના મતે રાજયમાં શકિતનું કેન્દ્રીકરણ થાય છે. જે વિવિધ સમસ્યાઓને જન્મ આપે છે. આમ બંને ચિંતકો રાજયને સામાન્ય લોકોના હિતમાં ઉપયોગી માનતા નથી.

ગાંધી અને માર્ક્સ બંને નવ ઉદારવાદનો પ્રભાવી વિકલ્પ રજૂ કરે છે. તેમજ બંને ચિંતકો ગરીબ વર્ગની વધારે ચિંતા કરે છે અને એવા સમાજનો આદર્શ રજૂ કરે છે કે જેમા સૌથી નબળા વર્ગોને વધારે લાભ મળે.  આ માટે ગાંધી સર્વોદયનો વિચાર રજૂ કરે છે. તો માર્ક્સ રાજયવિહીન સમાજની કલ્પના કરે છે.

ગાંધી અને માર્ક્સ સમાજની પ્રગતિમાં વિશ્વાસ રાખે છે. માર્ક્સના મતે સમાજ મૂડીવાદી સમાજવ્યવસ્થામાં મજૂરોની ક્રાંતિ થતા સામ્યવાદી વ્યવસ્થામાં રૂપાંતર પામશે. જેમા કોઇ કોઇનો માલિક નહી હોય અને દરેક વ્યકિત માટે શ્રમ ખૂબ જ મહત્વનો હશે. જયારે ગાંધીના મતે સમાજની પ્રગતિ થતા સર્વેનો વિકાસ થશે. જે સમાજવ્યવસ્થાનું શ્રેષ્ઠ રૂપ હશે.

ગાંધી અને માર્ક્સ બંને વર્ગવિહીન અને શોષણમૂકત સમાજની કલ્પના કરે છે. ગાંધીના મતે સર્વોદયના સિધ્ધાંત  મુજબ વિકસેલ સમાજવ્યવસ્થામાં વર્ગવ્યવસ્થા અને તેના આધારિત શોષણની પધ્ધતિને કોઇ મહત્વ નહિ હોય. જો કે આવા સમાજમાં વર્ણ આધારિત વ્યવસ્થા હશે. પરંતુ જ્ઞાતિ વ્યવસ્થા નહિ હોય અને સમાજમાં બધા જ કાર્યોને સમાન માનવામાં આવશે. બૌધ્ધિક અને શારીરિક એમ બંને પ્રકારના કાર્યોનું મહત્વ સમાન હશે. જયારે માર્ક્સના મતે મૂડીવાદી સમાજમાં મૂડીપતિ અને મજૂરો વચ્ચે હિતોનો વિરોધાભાસ જોવા મળે છે. આથી મજૂરવર્ગમાં તિવ્ર પ્રકારની વર્ગસભાનતા વિકસતા વર્ગસંઘર્ષનો જન્મ થશે અને મૂડીપતિ વર્ગની શોષણયુકત વ્યવસ્થા નાશ પામશે. સમાજમાં માત્ર શ્રમિકોનો જ વર્ગ રહેશે. આથી પછી ઉચ્ચવર્ગના હિતોનું રક્ષણ કરતા રાજયની કોઇ આવશ્યકતા રહેશે નહિ. વર્ગોની સમાપ્તી થતા તેમજ મજૂરોનો એક જ વર્ગ અસ્તિત્વમાં આવતા વર્ગવ્યવસ્થામાં રહેલી શોષણની પધ્ધતિનો નાશ થશે.

માર્ક્સ હેગલની દ્વન્દ્વાત્મક પધ્ધતિના આધારે સમાજના ભૌતિક પરિબળોના દૃષ્ટીમાં રાખી  સામાજિક અને રાજકિય પરિવર્તનની ચર્ચા કરે છે અને તેના આધારે સમાજનો ઐતિહાસિક ભૌતિકવાદી ખ્યાલ રજૂ કરે છે. જેમા મૂડીપતિ વર્ગ અને મજૂર વર્ગ વચ્ચેના વર્ગસંઘર્ષના આધારે સામાજિક રચનાતંત્ર અને તેના ભાગોમાં પરિવર્તની રજૂઆત કરે છે. જયારે ગાંધીએ સત્યાગ્રહ દ્વારા વિરોધીઓના પ્રતિકારની વાત કરી છે. જે હેગલના વાદ, સંવાદ અને પ્રતિવાદ જેવા દ્વન્દ્વાત્મક વિચાર સાથે સામ્ય ધરાવે છે. આમ બંને ચિંતકોએ અલગ અલગ દૃષ્ટીકોણથી દ્વન્દ્વાત્મકવાદી વિચારના આધારે સામાજિક પરિવર્તનની ચર્ચા કરી છે.

- **ગાંધી ચિંતન અને માર્ક્સવાદી વિચારધારામાં તફાવતઃ-**

ગાંધી ચિંતન અને માર્ક્સવાદી વિચારોમાં સામ્યતાની જેમ જ કેટલાક તફાવતો પણ જોવા મળે છે.

માર્ક્સ વર્ગીય સિધ્ધાંતમાં વિશ્વાસ ધરાવે છે અને મૂડીવાદી સમાજમાં મૂડીપતિઓ અને મજૂરો વચ્ચે વર્ગસંઘર્ષને અનિવાર્ય માને છે. જયારે ગાંધી વર્ગના અસ્તિત્વને જરૂરી માનતા નથી. તેમજ વર્ગસંઘર્ષને પણ અનિવાર્ય માનતા નથી. ગાંધી વર્ગની જગ્યાએ વર્ણને મહત્વ આપે છે. જેમા વ્યકિત પોતાના રસ રૂચિ અને સ્વભાવને અનુરૂપ કાર્યો કરી શકે છે અને તેના આધારે વર્ણ વિભાજનની ચર્ચા કરે છે. જે સમાજની જરૂરીયાતોની પૂર્તિ માટે જરૂરી છે. તેમજ તેમા દરેક કાર્યો સમાન છે તેવો વિચાર રજૂ કરે છે.

હિંસાની બાબતમાં ગાંધી અહિંસાને પૂર્ણ મૂલ્ય માને છે. તેમના મતે સત્યને મેળવવા માટે અહિંસાએ શુધ્ધતમ સાધન છે તેમજ ગાંધી એવી કોઇ ક્રાંતિને સ્વીકારતા નથી કે જેમા હિંસાનું કોઇ સ્વરૂપ હોય. આમ ગાંધી અહિંસક ક્રાંતિના પક્ષમાં રહે છે. જયારે બીજી બાજુ માર્ક્સ સમાજમાં સામાજિક પરિવર્તન માટે ક્રાંતિને અનિવાર્ય માને છે. જેમા હિંસાના મહત્વને પણ સ્વીકારે છે. તેમ છતા માર્ક્સ પણ ક્રાંતિમાં હિંસાને ફરજીયાત માનતા નથી. પરંતુ ક્રાંતિ માટે હિંસા જરૂરી હોય તો તેને સ્વીકારે છે.

ગાંધી મૂડીવાદને હિંસાથી નાબૂદ કરવાના પક્ષમાં નથી. તેમના મતે મૂડીપતિઓએ મૂડીનું સર્જન કરવું જોઇએ. પરંતુ આ મૂડી પોતાની સામાન્ય જરૂરીયાત મુજબ રાખી બાકીની વધારાની મૂડી સમાજના કલ્યાણ માટે આપવી જોઇએ અને એક ટ્રસ્ટીશીપના સિધ્ધાંત મુજબ ટ્રસ્ટી તરીકેની ભૂમિકા ભજવવી જોઇએ. આવું સમાજમાં કરવું સંભવ છે કારણ કે અહિંસાના મૂલ્યના આધારે મૂડીપતિઓનું હ્રદય પરિવર્તન કરવું શકય છે. જયારે માર્ક્સ મૂડીપતિઓને નષ્ટ કરીને વર્ગવ્યવસ્થાને સમાપ્ત કરવાનો વિચાર રજૂ કરે છે. કારણ કે માર્ક્સના મતે મૂડીપતિઓ અને મજૂરો વચ્ચે આર્થિક અસમાનતા છે. તેમજ સમાજમાં મૂડીપતિઓની સંખ્યા ઓછી હોય છે અને તેઓ પોતાના હિતોની બાબતમાં એકબીજા સાથે સ્પર્ધા કરતા હોય છે. આથી તેઓમાં તિવ્ર વર્ગસભાનતા વિકસવી શકય નથી. જયારે મજૂરો જીવનનિર્વાહ માટે એક બીજા સાથે સ્પર્ધા કરે છે. પરંતુ તેમને જયારે ખ્યાલ આવે છે કે તેઓનું શોષણ કરનાર મૂડીપતિઓ છે ત્યારે તેઓ અંદરોદરની સ્પર્ધાથી મુકત બને છે અને તેઓમાં તિવ્રસ્વરૂપની વર્ગસભાનતા વિકાસ પામે છે અને તે તેઓને મૂડીપતિ વર્ગ સામે સંઘર્ષ કરવા પ્રેરે છે. આથી આ વર્ગસંઘર્ષના કારણે મૂડીપતિ વર્ગનો નાશ થશે. તેમજ સમાજમાં મૂડીપતિ વર્ગનો નાશ ન થાય તો કોઇને કોઇ સ્વરૂપે શોષણની પધ્ધતિ ટકી રહે છે. આથી માર્ક્સ મૂડીપતિ વર્ગના નાશની રજૂઆત કરે છે.

માર્ક્સ ખાનગી સંપતિને મહત્વ આપતા નથી. જયારે ગાંધી ખાનગી સંપતિને મહત્વ આપે છે. ગાંધીના મતે સમસ્યા ખાનગી સંપતિમાં નથી. પરંતુ તેના અયોગ્ય ઉપયોગમાં જોવા મળે છે. માર્ક્સ સંપૂર્ણપણે ભૌતિકવાદી વિચારક છે અને ભૌતિકતાના પાયા પર સમાજનો અભ્યાસ કરી, વૈકલ્પિક સમાજવ્યવસ્થાની ચર્ચા કરે છે. તેમજ મજૂરોના વિશ્વવ્યાપી સંગઠન માટે પ્રયાસ કરે છે. જયારે ગાંધી એક આધ્યાત્મિક વિચારક છે અને પોતાના કર્મોના આધારે સમાજમાં બદલાવ લાવવા માટે પ્રયાસ કરે છે. આ

માટે આશ્રમની સ્થાપના કરી પોતાના સાથીઓ પોતે રજૂ કરેલ ચિંતનનને આધારે જીવન જીવવાનો પ્રયાસ કરે છે અને સમાજ સામે એક અલગ વૈકલ્પિક સમાજવ્યવસ્થા રજૂઆત કરે છે.

વર્તમાન સમયે આધુનિક મૂડીવાદી સમાજ વ્યવસ્થા અને તેમાંથી ઉદભવેલ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ જેવી કે, આર્થિક અસમાનતા, ગરીબી, બેકારી, શોષણ, પર્યાવરણનું અવપતન, ઉપભોગકતાવાદ, પાયાના મૂલ્યોની કટોકટી, વૈશ્વિક સ્પર્ધા અને તેમાથી ઉદભવતા પ્રશ્નો, ભષ્ટ્રાચાર, માનવ હક્કનો ભંગ વગેરે વિશે ચિંતન થવાની શરૂઆત થઇ છે. જેમા માર્ક્સવાદી અને ગાંધીવાદી ચિંતન એક અલગ જ વૈકલ્પિક સમાજવ્યવસ્થાને રજૂ કરે છે. આથી આ ચિંતનને યોગ્ય રીતે તપાસી તેમાથી સારી બાબતોને આધુનિક મુડીવાદી સમાજ વ્યવસ્થા અને તેમાંથી ઉદભવેલ વિવિધ પ્રશ્નોના નિવારણ માટે ઉપયોગમાં લઇ શકાય છે અને એક માનવતાવાદી સમાજનું નિમાર્ણ કરી શકાય છે.

સંદર્ભઃ-

(૧) કાર્લ માર્ક્સના સામ્યવાદી અને ગાંધીના સામ્યયોગી આર્થિક વિચારો દ્વારા નવા સમાજની રચના – સત્યેન્દ્રનાથ ચતુર્વેદી – કલ્પાઝ પબ્લિકેશન - ૨૦૦૭

(૨) મહાત્મા ગાંધીનું ચિંતન – નરેશ દાધીચ – રાવત પબ્લીકેશન જયપુર

(૩) સત્યના પ્રયોગો- એમ. કે. ગાંધી – નવજીવન પ્રકાશન મંદિર- અમદાવાદ.

(૪) હિન્દ સ્વરાજ - એમ. કે. ગાંધી – નવજીવન પ્રકાશન મંદિર- અમદાવાદ.

(૫) દર્શનની નિર્ધનતા – માર્ક્સ – પ્રકાશન સંસ્થાન – ૨૦૧૫

(૬) સામાજિક વિચારક અને વિચારધારા, કાર્લ માર્ક્સ – ડો. શ્યામ કુમાવત – હિમાશું પબ્લીકેશન – ૨૦૧૭